જે વસ્તુને તમે લાયક નથી તેની માંગણી ઇશ્વર પાસે કરતાં નહીં
- અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૬ | ૨૯ નવેમ્બર, ૨૦૧૪, શનિવાર ; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

### ડીસા અને નલીયા કરતાં પણ ગાંધીનગરમાં વધુ ઠંડી : લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. જનજીવન પર અસર જોવા મળી

ગાંધીનગર, તા. ૨૮

સતત સાતમા દિવસે પણ ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહેવા પામ્યું છે. છેલ્લા છ દિવસની ઠંડી કરતા ગઈકાલે રાત્રે ઠંડી વધુ તીવ્ર બની હતી. મોસમની સૌથી વધુ ઠંડી ગુરૂવારની રાત્રે નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. ગાંધીનગરનું રહ્યું છે. જ્યારે રાજ્યના ઠંડા ગણાતા શહેરો પૈકી ડીસાનું તાપમાન ૧૬.૨ અને નલીયાનું તાપમાન ૧૭.૮ ડિ.સે. રહ્યુ હતું. હજુ આવતા અઠવાડીયે તાપમાન ઘટતુ જશે અને ઠંડીનું મોજુ તીવ્ર બનશે.

ગાંધીનગરમાં દિવસે દિવસે ઠંડી વધતી જાય છે. છેલ્લા અઠવાડીયાથી લઘુત્તમ તાપમાનમાં સતત ગીરાવટ આવી રહી છે. રાજ્યમાં ક્યાંય ન હોય તેટલી ઠંડી શહેરમાં પડી રહી છે. રાજ્યના અન્ય શહેરો કરાતં ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન લગભગ બે ડિગ્રી જેટલુ ઓછુ નોંધાયું હતું. છેલ્લા કેટલાક વર્ષોના તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો જાણવા મળશે કે ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન રાજ્યના અન્ય વિસ્તારો કરતાં ઘણુ ઓછુ નોંધાય છે. જ્યાં રેકોર્ડ બ્રેક ઠંડી

● અનુસંધાન પાન-૭ પર

**રાજ્યના વિવિધ શહેરોનું તાપમાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| ગાંધીનગર | ૩૨.૪ | ૧૩.૨ |
| અમરેલી | ૩૩.૪ | ૧૫.૦ |
| વલસાડ | ૩૨.૪ | ૧૫.૧ |
| અમદાવાદ | ૩૨.૫ | ૧૫.૫ |
| ડીસા | ૩૨.૫ | ૧૬.૨ |
| ઈડર | ૩૪.૪ | ૧૬.૯ |
| નલીયા | ૩૧.૨ | ૧૭.૨ |



(તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

શિયાળાની સવાર - સૂર્યોદયની પાવન પળ ભવ્ય હોય છે અને દિવ્ય પણ હોય છે... ગાંધીનગરના પ્રાકૃતિક વૈભવની અનોખી અનુભૂતિ શિયાળાની સવારે અંતરના ઉજાસને અજવાળે છે... સૂર્યોદયનો સમય ઉર્જામય હોય છે અને એટલો જ ભવ્ય હોય છે પરંતુ શિયાળાની સવારે ગાંધીનગરના રમણિય વાતાવરણમાં સૂર્યોદયની ભવ્યતા, દિવ્યતામાં પલટાય છે... પરમ તત્વને નિહાળવાની આ અનોખી તક હોય છે... શાંત અને ધ્યાનસ્થ ગાંધીનગર પર જાણે ભગવાનના સીધા આશીર્વાદ વરસતા હોય એવું આ દશ્ય કેમેરામાં કેદ કરાયું છે.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં હોબાળો

### ભાજપ-કોંગીના સભ્યો બાખડી પડ્યા : હીના પટેલે ખુરશીમાંથી ઉભા થઈ અધ્યક્ષ તરીકે સભ્યોને સ્થાન લેવા શાંત રહેવા આદેશો આપ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સી.સી. કેમેરા ટી.વી.થી સર્વેલન્સ કરવાનો પ્રસ્તાવ મંજૂર કરાયો પણ સામાન્ય સભાના હોલમાંથી લાઈવ ટેલિકાસ્ટ થાય તે માટેનો સુધારો ફગાવી દેવાતા કોંગી સભ્યો અને ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલ વચ્ચે તુતુ મૈં મૈં થતાં સામાન્ય સભામાં ભારે ઉત્તેજના વ્યાપી જવા પામી હતી.

શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષસ્થાને પંચાયતના સરદાર હોલમાં મળેલ સામાન્ય સભામાં આજે પંચાયત સંકુલમાં સીસીટીવીથી સર્વેલન્સ સિસ્ટમ લગાવવાના મુદ્દે રસપ્રદ ચર્ચાઓ થઈ હતી. જો કે આ મુદ્દે કોંગ્રેસે રજુ કરેલા સુધારાઓ ફગાવી દેવાતાં ધારાસભ્યશ્રી અશોક પટેલ અને કોંગી સભ્યો વચ્ચે થયેલા આક્રમક શાબ્દીક યુદ્ધથી વાતાવરણ ઉત્તેજીત બની ગયું હતુ.

કોંગ્રેસના અરવિંદસિંહ સોલંકી અને શ્રી અજીતસિંહ રાઠોડ આ બાબતને આવકારી હતી. શ્રી અજીતસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે તેઓ બાંધકામ સમિતિના ચેરમેન પદે હતા ત્યારે આ બાબત રજુ કરી હતી તેને આગળ ધપાવવા માટે પ્રમુખશ્રી અભિનંદનના અધિકારી છે.

તેમણે સુધારો રજુ કરતાં જણાવ્યુ હતુ કે સર્વેલન્સ સિસ્ટમમાંથી ડી.ડી.ઓ. અને પંચાયત પ્રમુખની ચેમ્બર બાકાત રાખવી જોઈએ. આ ઉપરાંત પંચાયતની સામાન્ય સભાનું લાઈવ ટેલિકાસ્ટ થઈ શકે તે માટે સરદાર હોલમાં તે લગાવવા જોઈએ. આ સભામાંથી કેટલુ પ્રસારણ કરવુ તે અધિકાર પ્રમુખનો રહેવો જોઈએ. લોકસભા, રાજ્યસભાનું લાઈવ ટેલિકાસ્ટ થતુ હોય તો લોકશાહીમાં પંચાયતી રાજનું પણ એટલુ જ મહત્વ છે.

આ પછી પ્રમુખ હીના પટેલે તેમના સૂચનો પ્રત્યે આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે આ સૂચનો પર તે આગામી બેઠકમાં ચર્ચા કરશે. હાલ પુરતી જે દરખાસ્ત છે તેનો સ્વીકાર કરીએ.

આ પછી શ્રી અશોક પટેલે પણ કોંગી સભ્યોને ટોણો મારતા હોય તેવા ઉચ્ચારણો કરતાં કોંગી સભ્યો ઉશ્કેરાઈ ગયા હતા અને વાકયુદ્ધમાં પરિસ્થિતિ પલ્ટાઈ ગઈ હતી.

આ વાકયુદ્ધ એટલુ તીવ્ર બની ગયુ હતુ કે એક તબક્કે હીના પટેલ પ્રમુખ તરીકે પહેલીવાર પોતાની ચેરમાંથી ઉભા થઈને સભ્યોને તેમનુ સ્થાન લેવા આદેશ આપ્યા હતા.

ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ સાથી શ્રી અશોક પટેલને શાંત પાડવાનું કામ કર્યુ હતુ તો કોંગી સભ્યોએ અજીતસિંહ અને અરવિંદસિંહને શાંત પાડવાની કામગીરી કરી હતી.

આ પછી કારોબારી સમિતિમાંથી રાજીનામુ આપનાર શ્રી વિજયસિંહ ચાવડાનું રાજીનામુ સર્વાનુમતે નામંજૂર કરવામાં આવ્યું હતું.

## સોનારડામાં ૩૩ સાદા ઝાડાના કેસ નોંધાયા છે

### પાણીના લિકેજીસ દૂર કરવા અને પાઈપલાઈ બદલવા પંચાયતને સૂચના અપાઈ છે : તંત્ર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામમાં પાણી લિકેજીસને કારણે ૩૩ જેટલા ઝાડાના કેસો નોંધાયા હોવાનું જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રીએ આજે સામાન્ય સભામાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને મળી આવેલા લિકેજીસ રિપેરીંગની કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા શરૂ થતાં જ કોંગ્રેસના શ્રી અરવિંદસિંહ સોલંકી અને શ્રી અજીતસિંહ રાઠોડે આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલે પ્રશ્ન ઉપસ્થિત કરવાની મંજુરી ગ્રાહ્ય રાખતાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકીએ જણાવ્યું હતું કે તંત્રને જાણ થતાં જ તંત્રએ તેની કામગીરી આરંભી દીધી હતી. હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને ગામમાં ટેન્કરથી પાણી આપવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે આ મુદ્દે પાઈપલાઈન બદલવા સરપંચને લેખિતમાં જાણ કરવામાં આવી છે.

કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે અને શ્રી અરવિંદસિંહ સોલંકીએ ગ્રામ પંચાયતો, વાસ્મો અને આરોગ્ય તંત્ર તેમજ પાણી પુરવઠા વિભાગ સાથે આ મુદ્દે સંયુકત બેઠક યોજવી જોઈએ પંચાયતોની નબળી આર્થિક સ્થિતિને ધ્યાને રાખી જિલ્લા પંચાયત પણ થોડોક બોજ ઉઠાવે તેવી લાગણી વ્યકત કરી જણાવ્યું હતું કે મોટા ભાગના ગામોમાં પાણીની પાઈપલાઈનો જુની થઈ ગઈ છે અને લિકેજીસની સમસ્યાઓ છે.

આોગ્ય તંત્રએ જણાવ્યું હતું કે અમે આ માટે પંચાયતોને લખ્યું છે. લિકેજીસ દૂર કરવા તેમજ કલોરીનેશન વાળુ શુદ્ધ પાણી ગ્રામજનોને મળે તે જવાબદારી પંચાયતોની છે.

જો કે આજની સભામાં કલોલના કમળાના કેસો માટે લેવાયેલા મૌનને લઈ કોંગીનું નેટવર્ક નબળુ જવાબદાર હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં થતી સાંભળવા મળી હતી.



## જિલ્લા પંચાયત માટે વધુ એક વખત જમીનની માંગણી કરાશે

### હયાત મકાન તાલુકા પંચાયતનું હોઈ તોડી પાડવાનો અધિકાર જિલ્લા પંચાયતને નથી ટાઈટલ ક્લીયર નથી : સરકારમાં ૧૯૯૮થી થતી રજુઆતો હજુ પણ અનિર્ણાયક પડી છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના મકાન માટે સરકાર પાસે વધુ એક વખત જમીનની માંગણી કરવી તેમજ હયાત મકાનના ટાઈટલ કલીયરન્સની કાર્યવાહી બાદ તેને તોડવાનો વિચાર કરવો તેવો નિર્ણય આજે સામાન્ય સભાએ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતની શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું મકાન તોડી નવું મકાન બનાવવાના મુદ્દે ખુબ જ તીવ્ર ચર્ચાઓ થઈ હતી. ભાજપ અને કોંગ્રેસના સભ્યોએ પંચાયતના મકાન માટે સરકારે જમીન આપવી જ જોઈએ તેવી ઉગ્ર માગણી વ્યક્ત કરી હતી.

પંચાયતની સામાન્ય સભાના એજન્ડાના ઘણા બધા મુદ્દાઓ આજે સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

પંચાયતના હાલના મકાનને તોડી નવુ બનાવવાના મુદ્દે સભ્યોએ સર્વાનુમતે બતાવી નવી જગ્યા સરકાર ફાળવે તેમજ હાલ તાલુકા પંચાયત જે ભાડે બેસે છે તેને આ જગ્યાનો કબ્જો સોંપી દેવો તેવો મત વ્યક્ત કર્યો હતો.

પંચાયતના નવા મકાન માટે ૧૯૯૮ થી જમીનની માંગણી કરવામાં આવી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ મકાન એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે તે ધ્યાને રાખી તૈયાર કરાયું હતું.

આ મકાન તાલુકા પંચાયત માટેનું છે અને તે તોડી નાખવાની મંજૂરી આપી શકાય નહિ જિલ્લા પંચાયતને સરકારે જમીન અલગથી ફાળવવી જોઈએ જ તેવો મત સભ્યોએ રજુ કર્યો હતો.

ધારાસભ્યશ્રી અમીત ચૌધરી જે પંચાયતના સભ્ય છે તેમણે પણ આ મુદ્દે સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ

● અનુસંધાન પાન-૭ પર

## સામાન્ય સભામાં કોંગીના ચાર નેતાઓ ગેરહાજર

### સામાન્ય સભામાં કોંગ્રેસનો નબળો દેખાવ : કુપોષણ મુક્તિ સામેના પ્રોજેક્ટ્સની ચાલુ ચર્ચાએ કારણ વિના ગૃહ છોડી ગયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષનો નબળો દેખાવ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો. આજની સામાન્ય સભામાં પંચાયતમાં સત્તા ભોગવતા ઉપપ્રમુખ અને કારોબારી તેમજ શિક્ષણ સમિતિના ચેરમેનો તેમજ અન્ય એક સભ્યની ગેરહાજરી એ પંચાયતના પટાંગણમાં ગણગણાટનું સ્થાન લીધુ હતુ.

સોનારડામાં ઝાડા-ઉલ્ટીના કેસોની ચર્ચા માંગનાર કોંગ્રેસ પક્ષે કલોલમાં કમળાના કેસો જે ૨૦થી પણ વધુ છે તે માટે સેવેલુ મૌન પણ ચિંતાના વિષયની સાથે ચર્ચામાં આવ્યો હતો.

પંચાયતના પટાંગણમાં એવો પણ ગણગણાટ સાંભળવા મળ્યો હતો કે કુપોષણની ચિંતા કરવા કોંગી સભ્યો કુપોષણની મુક્તિ માટેના અભિયાનને મંજૂરી આપ્યા પહેલાં જ કોઈ પણ જાતના કારણ વિના સભાગૃહ છોડી ગયા હતા.

આજે સામાન્યસભામાં શ્રી અજીતસિંહ રાઠોડ અને શ્રી અરવિંદસિંહ સોલંકીએ સોનારડાનો મુદ્દો ઉપસ્થિત કરી આક્રમકતાનો સૂર બતાવ્યો હતો, પરંતુ મોટાભાગના મુદ્દાઓ સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

આજની બેઠકમાં કોંગ્રેસી સભ્યોમાં આંતરિક તાલમેલનો અભાવ દેખાયો હતો.

આજની આ મહત્વની બેઠકમાં ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી રામાજી ઠાકોર, શ્રી ગાભુસિંહ ઠાકોર અને શ્રી સવધાનજી ઠાકોરની ગેરહાજરી હતી. કોંગ્રેસના સભ્યો અને બહુમતિ ધરાવતી કારોબારીની બેઠક ગઈકાલે કોરમના અભાવે મુલ્તવી રહી હતી તો આજે ચાર સભ્યોની ગેરહાજરી અંગે કોંગ્રેસી નેતાઓ ચૂપકીદી સેવી રહ્યા છે.

## પાક દ્વારા છોડી મુકાયેલા ૩૫ માછીમારો આજે પરત ફરશે

ગાંધીનગર, તા.૨૮

પાકિસ્તાન દ્વારા પકડાયેલ ગુજરાતના માછીમારોને મુક્ત કરવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરાયેલા પ્રયત્નોને સફળતા મળી છે. રાજ્યના ૩૫ માછીમારો આવતીકાલે ૨૯મી નવેમ્બર ૨૦૧૪ના રોજ પાકિસ્તાન દ્વારા મુક્ત કરાશે. તેઓને માદરે વતન પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ મત્સ્યોદ્યોગ કમિશનરની યાદીમાં જણાવાયું છે.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

## દબાણના મુદ્દે સરપંચ જેટલા જ ટીડીઓ પણ જવાબદાર છે તેમની જવાબદારી પણ નિયત કરો

### જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પંચાયતની ખાલી જગ્યાઓ અને પ્રા. શાળાના બંધ કોમ્પ્યુટર્સ ચમક્યા

ગાંધીનગર, તા. ૨૮

ગ્રામ્ય વિસ્તારમાં દબાણોને મુદ્દે માત્ર સરપંચોને જ દોષિત ગણી શિક્ષાત્મક કાર્યવાહી કરવાને બદલે તાલુકા વિકાસ અધિકારીઓની જવાબદારી પણ નિયત કરવી જોઈએ અને તેમની સામે દંડનીય કાર્યવાહી કરવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કરી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની શ્રીમતિ હીના પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન શ્રી રાઠોડે આ મુદ્દે ઉગ્ર રજુઆતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચાર વર્ષમાં ૧૧ સરપંચોને પંચાયત ધારાની જુદી જુદી જોગવાઈઓને આધિન દૂર કરાયા. જેમાં પાંચથી વધુ સરપંચોને દબાણો દૂર નહિ કરવા માટે દૂર કરાયા છે. આ પછી પણ દબાણો તંત્ર દૂર નથી કરી શક્યુ તો આ માટે તાલુકા વિકાસ અધિકારી સામે કેમ પગલાં ના લેવાયા ?

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા દબાણોની સમસ્યા એ ગંભીર સ્વરૂપ લે તે પહેલાં તંત્ર અને પદાધિકારીઓ સંયુક્ત રીતે આ પ્રશ્નના ઉકેલની દિશામાં કાર્યવાહી કરે તે જરૂરી છે તેવો આગ્રહ તેમણે રાખ્યો હતો.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં શ્રી રાઠોડે ખાલી જગ્યાઓને કારણે કામગીરી પર વિપરીત અસરો પડી રહી હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે વિવિધ સંવર્ગોમાં ઉદાસીન વલણની આકરી ટીકા કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને ખાલી જગ્યાઓને મુદ્દે વિકાસ કમિશનરશ્રી દ્વારા સીધી ભરતી માટે દસ વર્ષીય સમયપત્રક બનાવ્યુ હોવાની વાત કરી જગ્યાઓ પર ક્રમશઃ ભરતી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. નાયબ હિસાબનીશની ફિડર કેડરમાં કર્મચારીઓ ઉપલબ્ધ નહિ હોવા અંગે સરકારમાં રજુઆત કરાઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

પંચાયત હસ્તક અંગેની પ્રા. શાળાના બંધ કોમ્પ્યુટર્સ અંગે શ્રી રાઠોડે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી સંજય પરમારે જણાવ્યુ હતુ કે ૧૧૦૦ જેટલા કોમ્પ્યુટર્સ બંધ છે અને તે માટે સરકારમાં રજુઆત કરી દરખાસ્ત કરવામાં આવી છે.

કોમ્પ્યુટર્સ સરકારે ૨૦૦૪ થી

● અનુસંધાન પાન-૭ પર

સ્પેશ્યલ ઑફર
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)